# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol I, Issue 12 •• March, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

શ્રમણધર્મનાં સારસૂત્ર

## ચાર સુખશય્યાઓ

INTERNET EDITION

ભગવાન મહાવીરે શ્રમણો માટે ચાર અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું :

૧. મનની સ્થિરતા,

૨. સંતોષ,

૩. કામનાઓનો ત્યાગ અને

૪. સહનશીલતા.

આ ચાર સારસૂત્રોનું અનુસરણ કરનારનું શ્રમણજીવન સફળ છે. ભગવાને કહ્યું કે વ્યક્તિ જ્યારે સંસારનો ત્યાગ કરે છે ત્યારે વાસ્તવમાં તે ઘરબાર, પરિવારજનો, મિત્રો, સ્નેહીઓ વગેરે બધું જ છોડી દે છે. તે ધન, માલ-મિલ્કત, વૈભવ વગેરેનો પણ ત્યાગ કરે છે. આવા શ્રમણની એ ફરજ બને છે કે તે જે માર્ગે જવા નીકળ્યો છે તેનું સચ્ચાઈથી પાલન કરે. જિન દ્વારા પ્રોક્ત તત્ત્વોમાં તેની અવિચલ શ્રદ્ધા હોય, મનની સ્થિરતા હોય અને તેની ક્લેશરહિત માનસિક અવસ્થા હોય.

સંયમજીવનના પરિપાલન માટે તેને જે સમયે જે કંઈ પણ પ્રાપ્ત થાય તેમાં પૂર્ણ સંતોષ હોય અને અનુકૂળ પદાર્થો મળે ત્યારે તેની જેવી માનસિક ભૂમિકા હોય તેવી જ માનસિક ભૂમિકા તેને પ્રતિકૂળ પદાર્થો મળે ત્યારે પણ હોય. અનુકૂળતા ન મળે ત્યારે તેને એ પ્રાપ્ત કરવાની કોઈ વિશેષ કામના ન હોય.

અણગાર બનેલ વ્યક્તિ દૈવી કે માનવીય કામભોગોથી મનસા વાચા કર્મણા મુક્ત હોય. ભોગોનો આસ્વાદ લેવાની કોઈ જ વૃત્તિ તેના મનમાં સાકાર ન થાય.

શ્રમણજીવનમાં સહનશીલતા ઉપર ભગવાન મહાવીરે ખાસ ભાર મૂક્યો. શ્રમણ બનેલ વ્યક્તિ એમ વિચારે કે ખુદ સુંદર શરીરવાળા તીર્થંકરોએ પણ કષ્ટો વેઠીને પોતાની સહનશીલતા પૂરવાર કરી છે તો મારે તો ખાસ એ તરફ લક્ષ આપવું જોઈએ. શ્રમણ એવું વિચારે કે જો હું કષ્ટો સહન નહીં કરું તો મારાં કર્મો કેવી રીતે નષ્ટ થશે?

આ સારસૂત્રોનું જે અનુસરણ કરે છે તેનું શ્રમણજીવન સાર્થક છે.

સ્થાનાંગ સૂત્રમાં આ ચાર અવસ્થાને ભગવાને શ્રમણોની સુખશય્યા તરીકે ઓળખાવી છે.

**– પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

**લેખાંક ચોથો**

## દશાધિપતિ રાહુ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

જે જાતકનો દશાનાથ રાહુ મેષરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં ઘરમાં શુભપ્રસંગોની ઊજવણી, મંગલ વાજિંત્રોનો ઘોષ સાંભળવાનો લ્હાવો, જમીન જાયદાદની પ્રાપ્તિ, સરકારથી ગૌરવ, સ્ત્રી, પુત્ર, મિત્રાદિના સુખમાં વૃદ્ધિ જેવાં શુભ ફળ મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ વૃષભરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં ગામની જાગીરી (વિપુલ પ્રમાણમાં સ્થાવર મિલકતની પ્રાપ્તિ), સરકાર તરફથી સન્માન પ્રાપ્તિ, વિદ્યામાં પ્રાવીણ્ય, ઉત્તમ પ્રકારનું ગોધન, સુવર્ણ, કિંમતી વસ્ત્ર, ધાન્યાદિનો લાભ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ રાહુ મિથુનરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં શત્રુકોપનો ભય, સરકાર તરફથી દંડ, શિક્ષાની ભીતિ, જીવનસાથીથી કષ્ટ-પીડા, બંધુવર્ગથી વિરોધ અને માનસિક પરિતાપ જેવાં અશુભ ફળ મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ કર્કરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં રાજ્યનું આધિપત્ય પ્રાપ્ત થાય, સબળ આશ્રય પ્રાપ્તિ અને અનેક પ્રકારનાં ઉદ્યાન, વાવડી વગેરે રમ્ય સ્થળોમાં વિચરણનો મોકો તથા વિદ્યાવિનોદમાં હંમેશા તત્પર રહેવા જેવાં શુભ ફળ મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ સિંહરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં સરકારથી દંડ, તિરસ્કાર, ધન-ધાન્યની ખુવારી, ખેતપેદાશ, જમીન વગેરેમાં નુકશાની જેવાં અશુભ ફળ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ રાહુ કન્યારાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં વિશાળ ભૂમિલાભ, મૂલ્યવાન મણિ, રત્નો વગેરેનો લાભ, અધિકાર પ્રાપ્તિ, વિદ્વાનોમાં પૂજ્યતા, પુત્ર જન્મની ખુશાલી, વાહનલાભ તથા જીવનસાથી તરફથી સૌખ્ય પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ રાહુ તુલારાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં જમીન, મકાન આદિ સંપત્તિનો નાશ, ખેતીકાર્યમાં નુકશાન, રાજભય (સરકારથી વિપત્તિ), પદભ્રષ્ટતા, ધંધો, નોકરીમાં આફત, પિતા અને બંધુજનો વગેરે તરફથી વિરોધ જેવાં અનેક અશુભ ફળ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ રાહુ વૃશ્ચિક રાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં રાજસન્માન (સરકારથી સન્માન) પ્રાપ્તિ, બંધુવર્ગથી સ્નેહભાવ, ગોધન, ભૂધનનો લાભ, વિપુલ દ્રવ્યલાભ, યુદ્ધમાં શત્રુ ઉપર વિજય પ્રાપ્તિ જેવાં શુભ ફળો મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ ધનરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં પશુધનનો નાશ, સ્વજનોથી વિરોધ, પિતા, બંધુનો વિયોગ, શત્રુઓની વૃદ્ધિ, મોટા ભયનો ઉદ્‌ભવ જેવાં અનેક કષ્ટો જોવા મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ મકરરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં ગામના મુખી કે સરપંચની પદવીની પ્રાપ્તિ, સરકાર તરફથી સન્માન, પોતાના જીવનસાથી અને પુત્રોથી ભરપૂર સુખ, જમીન-જાયદાદ, ગોધનનો વિશેષ લાભ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ રાહુ કુંભરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં શત્રુઓની વૃદ્ધિ, જમીન, ધન સંપત્તિ, પશુધનનો નાશ, જીવનસાથી અને સંતાનનો વિનાશ, પોતાના શરીરમાં અતિકષ્ટ, પીડા તેમજ વિષ પ્રાપ્તિ જેવાં કટુ ફળ મળે છે.

જે જાતકનો દશાનાથ રાહુ મીનરાશિમાં હોય તેને રાહુની મહાદશાના સમયગાળામાં અતિકષ્ટ અને મહાભય થાય છે. ચોરભય, અગ્નિભય, રાજભય સતાવે છે. બંધુજનોનો નાશ વગેરે અશુભ ફળો પ્રાપ્ત થાય છે.

## આપનું પુસ્તક મળ્યું

**શ્રી ખંભાત તીર્થ ચૈત્ય પરિપાટી**

*સંપાદક : પૂ. આચાર્ય શ્રીસિંહસેનસૂરીશ્વરજી મહારાજ*
*સંકલન : પૂ. ગણિવર્ય શ્રી સુવ્રતસેનવિજયજી મહારાજ*
*પ્રકાશક : આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ, મેરુધામ જૈન તીર્થ, અમિયાપુર, જિ. ગાંધીનગર*
*મૂલ્ય : અમૂલ્ય.*

એક પ્રાચીન જૈન તીર્થ તરીકે ખંભાતની પ્રસિદ્ધિ જગજાહેર છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ ખંભાતનું એક આગવું સ્થાન છે.

અહીં આવેલાં સમગ્ર ૭૨ જિનાલયોની ઘરબેઠાં ચૈત્યપરિપાટી થઈ શકે તો કેવું સારૂં એવો વિચાર આ પુસ્તિકાના સંપાદકશ્રીને ખંભાતના ગયા ચાતુર્માસ દરમ્યાન આવ્યો. તેઓશ્રીના સુવિનીત પ્રશિષ્ય પૂજ્ય ગણિવર્ય શ્રી સુવ્રતસેનવિજયજી મહારાજે તેઓશ્રીની ભાવનાને મૂર્તરૂપ આપવા જે 'મલ્ટીકલર પરિશ્રમ' કર્યો તેના ફળરૂપે આ નાનકડી પુસ્તિકા તૈયાર થઈને દર્શનાર્થીઓનાં કરકમલો સુધી પહોંચી રહી છે.

ખંભાતનાં તમામ ૭૨ જિનાલયોના મૂળનાયક ભગવાન સહિત અનેક દેવીદેવતાઓના રંગીન ફોટોગ્રાફસથી આકર્ષક બનેલી આ પુસ્તિકા ઘરઘરનું નજરાણું બની રહે તેવી છે.

પુસ્તિકામાં રત્નાકરપચ્ચીસી, અરિહંત વંદનાવલિ વગેરે ઉપયોગી વિષયો પણ સમાવી લેવામાં આવ્યા છે, જે પુસ્તિકાની ઉપયોગિતામાં વધારો કરે છે.

આ પુસ્તિકા, તેના પ્રકાશક ઉપરાંત, ખંભાતના શ્રી વીસા ઓસવાળ જૈન સંઘ, માણેક ચોક ખાતે શ્રી દિનેશભાઈ ઝવેરીનો સંપર્ક સાધવાથી પણ પ્રાપ્ત થઈ શકે છે.

### જય જિનેન્દ્રની પાઠશાળા
**ગયા અંકના કોયડાનો જવાબ**

*ફરજ પરના ડૉક્ટર મહિલા ડૉક્ટર હતાં અને અકસ્માતથી ઘવાયેલા બાળકનાં મમ્મી હતાં!*

*વાસણાના નીલેશ શાહે (ઉ. ૧૧) આ કોયડાનો સાચો જવાબ મોકલ્યો છે. જય જિનેન્દ્ર પરિવાર તેને આકર્ષક ગિફ્ટ મોકલી રહેલ છે.*

જય જિનેન્દ્ર : : : **વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ** : : : પાંચ વરસનું લવાજમ ૫૦૦ રૂપિયા

INTERNET EDITION



# મહાત્મા તિરુવળ્ળુવરની અમર પ્રસાદી

■ સંકલન : ભટ્ટારક જિનેન્દ્ર પ્રજ્ઞાકરન

- ઈર્ષ્યા, લાલચ, ક્રોધ અને અપ્રિય વચન – આ બધાંથી દૂર રહો! ધર્મ પ્રાપ્તિનો આ જ માર્ગ છે.
- હૃદયમાંથી નીકળેલી મધુર વાણી અને મમતામયી સ્નેહાળ દૃષ્ટિમાં જ ધર્મનો વાસ થાય છે.
- બદલાની ભાવના વગર કરેલી ભલાઈ સાગરથી વધુ ઊંડી હોય છે.
- જેણે પોતાની બધી જ ઇચ્છાઓ ઉપર વિજય મેળવી લીધો છે અને જે પોતાના કર્તવ્યથી વિમુખ થતો નથી તે હિમાલયથી પણ વધુ ઉન્નત છે.
- આગનાં ડામ તો સમય જતાં રૂઝાઈ જાય છે પરંતુ વચનનાં ડામ તો ક્યારેય રૂઝાતાં નથી.
- પોતાના આચરણની પૂરેપૂરી દેખરેખ રાખો, કેમકે આખા જગતમાં સદાચારથી વધુ પાકો મિત્ર બીજો કોઈ નથી.
- મૂર્ખને તમે બધું જ શીખવી શકશો પણ સદાચારના માર્ગે ચાલવાનું ક્યારેય નહીં શીખવી શકો!
- બદલો લેવાનો આનંદ તો એક જ દિવસ ટકે છે, પરંતુ ક્ષમા કરનારનું ગૌરવ સદાકાળ ટકી રહે છે.
- બાણ સીધું હોય છે અને તંબૂરામાં વક્રતા હોય છે, માટે જ માણસને આકૃતિથી નહીં પણ તેના કામથી ઓળખો.
- જેણે બધું જ ત્યાગી દીધું છે તે મુક્તિના માર્ગે છે બાકી બધા મોહજાળમાં ફસાયેલા છે.
- સ્રોતને તમે જેટલો વધુ ખોદશો એટલું પાણી વધુ પ્રાપ્ત થશે, તેવી જ રીતે તમે જેટલું વધુ શીખશો તેટલી જ તમારી વિદ્યા વૃદ્ધિ પામશે.
- પાણીનો ગુણ બદલાઈ જાય છે. તે જેવી ધરતી પરથી વહે છે તેવા તેનામાં ગુણો ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે મનુષ્યને જેવી સંગતિ હોય છે તેવા તેનામાં ગુણો ઉત્પન્ન થાય છે.
- પવિત્ર હૃદયવાળાની સંગતિ ઉત્તમ હોય છે તેવી સંગતિવાળા બધી જ રીતે ફૂલે ફાલે છે.
- અંતઃકરણની શુદ્ધતા જ મનુષ્યની સહુથી મોટી સંપત્તિ છે અને સંત સંગતિ તેને બધા જ પ્રકારનું ગૌરવ આપે છે.
- કેટલાંક કાર્યો એવાં હોય છે જે ક્યારેય ન કરવાં જોઈએ. જો તમે તે કામ કરો તો નષ્ટ થઈ જશો અને કેટલાંક કામો એવાં હોય છે જે અવશ્ય કરવાં જ જોઈએ. જો તે કાર્ય તમે ન કરો તો નષ્ટ થઈ જશો.
- જે શાંતિપૂર્વક રહેવાનું નથી જાણતા, જેમને પોતાની શક્તિનું જ્ઞાન નથી, જે ઘમંડમાં જ રાચ્યા માચ્યા રહે છે તેનો શીઘ્ર વિનાશ થાય છે.
- પાણી ભરવાવાળી નાળી સાંકડી હશે તો ચાલશે પરંતુ વ્યય કરનારી નાળી તેનાથી વધુ પહોળી તો ન જ હોવી જોઈએ.
- જે લોકો વૃક્ષની ટોચ ઉપર પહોંચી ગયા છે તે તેનાથી થોડાં પણ વધુ ઉપર જવાની ચેષ્ટા કરશે તો પોતાનો પ્રાણ ગુમાવશે.
- હંમેશાં સમયને પારખીને કામ કરવું. આ એક એવો સેતુ છે જે તમને સૌભાગ્ય સાથે જોડી દેશે.
- જ્યારે તમને અસાધારણ અવસર મળે ત્યારે તમે ખચકાટ ન અનુભવો, પરંતુ તત્કાળ તે કામમાં જોડાઈ જાઓ, પછી ભલે તે કામ અસંભવિત લાગતું હોય.
- તમે જે કામ કરવા ઇચ્છતા હો તે કામ અપવાદરહિત હોવું જોઈએ. જે મનુષ્ય પોતાના પદને અયોગ્ય કામ કરે છે તે અપમાનના ભાગીદાર બને છે.
- કરુણાબુદ્ધિ અને શુભ સંસ્કારોના મેળથી જ મનુષ્યમાં પ્રસન્ન પ્રકૃતિ ઉત્પન્ન થાય છે.
- રેતી તીક્ષ્ણ હોય તો પણ યુદ્ધના મેદાનમાં તે લાકડીથી વિશેષ કશું જ કામ કરી શકતી નથી તેવી જ રીતે આચારહિત મનુષ્ય વિદ્વાન હોય તો પણ એક સદાચારી કરતાં વધુ નથી હોતો.
- અધમ પ્રકૃતિવાળા મનુષ્ય પાસે રહેલ સંપત્તિ તેવા દૂધ સમાન છે જે ગંદા વાસણમાં પડતાં જ મલિન થઈ જાય છે.
- કોઈએ કરેલો નાનો સરખો ઉપકાર ભલે ને રાઈ જેટલો નાનો હોય તો પણ સમજદાર વ્યક્તિ માટે તે તાડના વૃક્ષ જેટલો મોટો જ હોય છે.
- મીઠા શબ્દો હોવા છતાં જે કડવા શબ્દોનો પ્રયોગ કરે છે તે જાણે કે પાકાં ફળો છોડીને કાચાં ફળો ખાવા દોડે છે.

*તમામ અવતરણો*

*તિરુક્કુરળ – એક તામીલભાષી ગ્રંથમાંથી સંકલિત*

INTERNET EDITION

## બદલાની ભાવના વગર કરેલી ભલાઈ સાગરથી વધુ ઊંડી હોય છે.

## મેરુધામ ખાતે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

પૂજનીય આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજના અંતિમસંસ્કારથી પાવન બનેલી અમિયાપુરની ભૂમિ ઉપર નિર્મિત થયેલ મેરુધામ તીર્થ ખાતે નૂતન જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ અતિ ઉલ્લાસના વાતાવરણમાં ઉજવાયો હતો. સદ્‌ગત આચાર્યશ્રીના સુવિનીત શિષ્યરત્નો પૂજ્ય આચાર્ય શ્રી વિજય માનતુંગ-સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી વિજય સિંહસેનસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરોની સતત પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ આ તીર્થમાં મૂળનાયક તરીકે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. આ મૂર્તિની વિશેષતા એ છે કે પ્રાચીન નાગેશ્વર તીર્થમાં જે પાર્શ્વનાથની મૂર્તિ બિરાજમાન છે અદલ તેવી જ મૂર્તિ આ તીર્થમાં પણ સ્થાપવામાં આવી છે. આ ઉપરાંત અહીં નિર્મિત થયેલ મેરુપર્વત જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનની સંપ્રતિકાલીન પ્રતિમાની સ્થાપના પણ કરવામાં આવી છે. ૧૨ દિવસ સુધી ચાલેલા મહોત્સવમાં પૂજનીય શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પરિવારના પૂજનીય વ્યાકરણ વિશારદ આચાર્ય શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનું મંગલ સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું અને તેઓશ્રીની શુભ નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન થયો હતો. આ પ્રસંગે પૂજનીય વિદ્વાન આચાર્ય શ્રી વિજય પ્રદ્યુમ્ન-સૂરીશ્વરજી મહારાજ તથા પૂજનીય આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજના પરિવારના સર્વ આચાર્યાદિ મુનિવરો અને વિશાળ સાધ્વી પરિવારની હાજરીએ ભાવિકોની ભાવનાને અનેરૂં બળ પૂરૂં પાડ્યું હતું. લોકલાડીલા સંગીતકાર શ્રી જયંત રાહીએ ભક્તિરસની જમાવટ કરી હતી અને કલ્યાણકોના વિવિધ કાર્યક્રમોને પોતાની આગવી અદાથી સ્ટેજ ઉપર રજૂ કર્યા હતા. મહા વદ ત્રીજના સર્વ જિનબિમ્બોની પ્રતિષ્ઠા થતાં જ વાતાવરણ નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જયનાદોથી ગાજી ઊઠ્યું હતું.

### 'જય જિનેન્દ્ર'

'જય જિનેન્દ્ર' આગામી અંકથી બીજા વરસમાં પ્રવેશી રહ્યું છે તે નિમિત્તે આવતો અંક વિશેષાંક રૂપે પ્રગટ થશે. આ એક સુંદર અને યાદગાર અંક બની રહેનાર હોવાથી વાચકો પોતાના અંકની વ્યવસ્થા કરી રાખે.

## શ્રી પ્રબોધ રાવલ મેમોરિયલ સેન્ટર ખાતે પૂજ્ય ગુરુદેવશ્રીની પધરામણી

પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ અમિયાપુર ખાતે નવનિર્મિત મેરુધામ જિનમંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા હતા અને ત્યાંથી તેઓશ્રી તા. ૨૦-૨-૨૦૦૩ના રોજ મોટેરા ખાતે ગુજરાત કોંગ્રેસના માજી પ્રમુખ શ્રી પ્રબોધ રાવલની સ્મૃતિમાં સ્થપાયેલા 'શ્રી પ્રબોધ રાવલ મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા પ્રસ્થાપિત અને ભારતીય સેવા સમાજ દ્વારા સંચાલિત વિવિધ સંસ્થાઓમાં પધારતાં પૂજ્યશ્રીનું ભાવભીનું આતિથ્ય કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં ચેરપર્સન શ્રીમતી દિવ્યાબેન રાવલ, સંસ્થાના પ્રાણ સમા મૂકસેવક શ્રી રાયકાજી અને અન્ય કાર્યકરોએ પૂજ્યશ્રીને આવકારતાં પ્રસન્નતા અનુભવી હતી.

ઉલ્લેખનીય છે કે આ સંસ્થાના સંકુલમાં સ્થપાયેલી આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ મૂક-બધિર બાળકો માટેની નિવાસી શાળાનું ઉદ્‌ઘાટન આજથી પાંચ વરસ પૂર્વે પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની નિશ્રામાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી શંકરસિંહજી વાઘેલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પાંચ વરસના લાંબા ગાળા પછી પૂજ્યશ્રી અહીં પધારતાં અહીં વસતાં બાળકો સહિત દરેક વ્યક્તિમાં પ્રસન્નતાની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે કરેલા ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રીએ બાળકોને પોતાના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે સજ્જ થવા પ્રેરણા આપી હતી અને વાનપ્રસ્થાશ્રમના નિવાસીઓને પણ પ્રાસંગિક બોધ આપ્યો હતો. અંદાજે બે કલાક સુધી ચાલેલા સત્સંગમાં વાનપ્રસ્થાશ્રમના નિવાસીઓએ ભાવવિભોર બનીને ભક્તિ-ગીતોના કાર્યક્રમ દ્વારા વાતાવરણને પવિત્ર બનાવી દીધું હતું.

સંસ્થાનાં ચેરપર્સન શ્રીમતી દિવ્યાબેન રાવલે જૂનાં સંસ્મરણો વાગોળીને પૂજ્ય ગુરુદેવશ્રીના ગુણવૈભવનો ઉપસ્થિત રહેલા સૌ કોઈને પરિચય કરાવ્યો હતો.

## દુરાચારીઓને હાથી અને પૂજ્યશ્રીને તેની પાછળ ભસતા કૂતરા તરીકે ઓળખાવતા સેક્સના દલાલોની બોબડી બંધ થઈ ગઈ! અને તેમના ચમચાઓ ઊંધા માથે પટકાયા!

*તમે સંદેશમાં આવેલો ખુલાસો વાંચ્યો?* એમ પોતાના પાળેલા ભક્તોને પૂછીને ફૂલાતા દુરાચાર શિરોમણિ સાધુવેષધારીઓ શિવસાગર અને સંયમસાગર આદિનાં કાળાં કામોને છાવરનારા લોકોને પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે સામી છાતીએ પડકાર આપતાં જ સલામત ગુફામાં બેસીને પીઠ પાછળ બકવાસ કરનારા સેક્સી સાધુવેષ-ધારીઓના ચમચાઓ ભોંઠા પડી ગયા છે. *તમે સંદેશમાં આવેલા બનાવટી ખુલાસાના જવાબરૂપે જય જિનેન્દ્ર* (જુઓ Feb. 2002નો અંક) *માં સામી છાતીએ અપાયેલો ખુલ્લો પડકાર વાંચ્યો?* એમ કેટલાક સમજદાર અને શાણા માણસોએ સેક્સના પૂજારી અને *આમરસના નહીં પણ ચામરસના શોખીન* એવા સાધુવેષધારીઓ અને એમના વડીલોને પૂછતાં જ બધા ગેં ગેં ફેં ફેંની સ્થિતિમાં મુકાઈ ગયા છે! જીવનભર *ભગવાનની આજ્ઞા, સિદ્ધાંત, શાસ્ત્ર* વગેરે શબ્દોની ડીંગ હાંકીને સરળ લોકોને ઉલ્લુ બનાવનારાં તત્ત્વો પણ પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે સામી છાતીએ ચેલેન્જ આપતાં જ દૂમ દબાવીને બેસી ગયાં છે! અને ***જીવનભર જેની સામે નજર કરવામાં પણ "મહા મિથ્યાત્વ" માનતા હતાં એવા લોકોના શરણે*** પહોંચી ગયાં છે!

સંદેશમાં છપાયેલા ધડ-મોં-માથા વિનાના અને જવાબદારી વિનાના ઉટપટાંગ બચાવને 'ચોખવટ' તરીકે ઓળખાવનારા સેક્સના દલાલોને તો ચોખવટ કોને કહેવાય એનીયે ગતાગમ નથી છતાં બેગાની શાદીમેં અબ્દુલ્લા દીવાનાની જેમ સમાજમાં પહોળા થઈને ફરતા હતા તેવા નકલી ધર્માત્માઓ પણ પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે આપેલી ચેલેન્જ વાંચીને છૂ-મંતર થઈ ગયા છે!

એક જાહેર નિવેદનમાં પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદ-સાગરજી મહારાજ જણાવે છે કે ભોળા અને પાળેલા લોકોને ઉલ્લુ બનાવવાના ગોરખધંધા બંધ કરીને એ અનાચારી સાધુઓને તત્કાલ વડીદીક્ષા આપીને તમારા શાસ્ત્રપ્રેમનો પરિચય કરાવો અથવા તો *ભગવાનની આજ્ઞા, શાસ્ત્ર અને સિદ્ધાંત* જેવા શબ્દોને કૂટી ખાવાનું બંધ કરી દો. સાથોસાથ જાહેર કરી દો કે *જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ:, જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ:...* મહાભારતમાં દુર્યોધને સ્પષ્ટપણે આવો એકરાર કર્યો છે અને નકલી સાધુઓ કરતાં દુર્યોધન વધારે પ્રામાણિક છે! હેલો, શાસનને વફાદાર કહેવાતા લોકો અને જૈન સંઘના જાતે બની બેઠેલા આગેવાનો, તમે આ પડકાર વાંચીને તેને સમજી શકો છો? તો થઈ જાઓ ભાયડા...

બાકી *અમાઆ ગુઉજી તો બોયાય નથી ને ચાયાય નથી* એવું તો ડફોળો કે બુદ્ધુઓને સમજાવવાનું હોય!

Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004